# એસ. બી. ગાર્ડા કોલેજ ટ્રસ્ટ સંચાલિત,
# બી. પી. બારિયા સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ, નવસારી
# (પારસી લઘુમતી સંસ્થા)
# સયાજી રોડ, ફુવારા પાસે, નવસારી

(૧) અરજી કરવા માટેની વિગતવાર સૂચનાઓ સહિત આ સમગ્ર જાહેરાત દરેક ઉમેદવારે પ્રથમ ધ્યાનથી વાંચવી જરૂરી છે. જેથી ઉમેદવાર દ્વારા અરજીપત્રક ભરતા સમયે કોઈ ભૂલ/ખોટી વિગત દર્શાવવાનું ટાળી શકાય કે જેના કારણે ઉમેદવારી રદ થવા પ્રશ્નો ઉપસ્થિત ન થાય.

(૨) ભરતી પ્રક્રિયા સંબંધેની તમામ સૂચનાઓ કોલેજની વેબસાઇટ https://bpbsinavsari.ac.in પર મૂકવામાં આવશે તેથી સમયાંતરે મંડળની વેબસાઇટ અચૂક જોતાં રહેવું.

## નાગરિકત્વ:-

ઉમેદવાર ભારતનો નાગરિક હોવો જોઈએ અથવા ગુજરાત મુલકી સેવ વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ ના નિયમ-૭ ની જોગવાઈ મુજબની રાષ્ટ્રીયતા ધરાવતા હોવા જોઈએ.

## વયમર્યાદા:-

(૧)અરજી કરવાની છેલ્લી તારીખે ઉમેદવારની ઉંમર ૧૮ વર્ષથી ઓછી નહીં અને નીચે જણાવેલ કોષ્ટક મુજબ હોવી જોઈએ;

ગુજરાત મુલકી સેવ વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ ની જોગવાઇઓ અનુસાર અગાઉથી ગુજરાત સરકારની સેવામાં હોય તેવા ઉમેદવારની તરફેણમાં ઉપલી વયમર્યાદા હળવી કરી શકશે.

(૨) સામાન્ય વર્ગના મહિલા ઉમેદવારો, અનામત વર્ગના પુરુષ તથા મહિલા ઉમેદવારો, માજી સૈનિક, દિવ્યાંગ ઉમેદવારોને નીચે મુજબ નિયમોનુસર વયમર્યાદામાં છૂટછાટ મળવાપાત્ર છે.

| કેટેગરી | છૂટછાટ | મહ્ત્તમ વયમર્યાદા |
|---|---|---|
| સામાન્ય કેટેગરીનાં દિવ્યાંગતા ધરાવતાં પુરુષ ઉમેદવારોને | ૧૦ વર્ષ | (મહ્ત્તમ ૪૩ વર્ષની મર્યાદામાં) |
| સામાન્ય કેટેગરીનાં દિવ્યાંગતા ધરાવતાં મહિલા ઉમેદવારોને (૧૦+૫=૧૫) | ૧૫ વર્ષ | (મહ્ત્તમ ૪૫ વર્ષની મર્યાદામાં) |
| અનામત કેટેગરીનાં દિવ્યાંગતા ધરાવતાં પુરુષ ઉમેદવારોને (૫+૧૦=૧૫) | ૧૫ વર્ષ | (મહ્ત્તમ ૪૫ વર્ષની મર્યાદામાં) |
| અનામત કેટેગરીનાં દિવ્યાંગતા ધરાવતાં મહિલા ઉમેદવારોને (૫+૧૦+૫=20) | ૨૦ વર્ષ | (મહ્ત્તમ ૪૫ વર્ષની મર્યાદામાં) |

## પગારધોરણ :-

સરકારશ્રીના નાણાં વિભાગના ધારાધોરણ અનુસાર સાતમા પગારપંચ મુજબ પ્રથમ પાંચ વર્ષ માટે પ્રતિ માસ ફિક્સ પગારથી નિમણુંક અપાશે.

## શૈક્ષણિક લાયકાતની વિગતો:-

૧. કેમિસ્ટ્રી મુખ્ય વિષય સાથે સ્નાતક તથા ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી વિષયનું જ્ઞાન હોવું જરૂરી.

૨. ગુજરાત સિવિલ સર્વિસિસ વર્ગીકરણ (સામાન્ય) નિયમો,૧૯૬૭ ના સૂચવ્યા મુજબ સામાન્ય કમ્પ્યુટરનું મૂળભૂત જ્ઞાન હોવું જરૂરી.

**નોંધ :-**

(૧) ઉપર દર્શાવેલ સંવર્ગના ભરતી નિયમોમાં નિયત થયેલી શૈક્ષણિક લાયકાતના અગત્યના મુદ્દાઓનો અરજીપત્રકમાં સમાવેશ કરવામાં આવેલ છે. પરંતુ, આખરી પસંદગી સમયે ભરતી નિયમોમાં દર્શાવેલ શૈક્ષણિક લાયકાતની તમામ જોગવાઈઓને ધ્યાને લેવામાં આવશે. ઉમેદવારે ભરતી નિયમોમાં દર્શાવેલ લાયકાતની તમામ વિગતો ધ્યાને લઈને જ ઉક્ત જાહેરાત માટે અરજીપત્રકમાં વિગતો ભરવાની રહેશે.

## દિવ્યાંગ ઉમેદવારો:-

(૧) દિવ્યાંગ વર્ગના ઉમેદવારે બિનઅનામત જગ્યા માટે અરજી કરી હશે ત્યારે તેઓને બિનઅનામતનાં ધોરણો લાગુ પડશે.

(૨) જાહેરાતમાં દિવ્યાંગ ઉમેદવારો માટે અનામત જગ્યા દર્શાવેલી ન હોય, પરતું, જગ્યાની ફરજોને અનુરૂપ જે પ્રકારની દિવ્યાંગતા ધરાવતા ઉમેદવારોને પાત્ર ગણેલા હોય, તેઓ તે જાહેરાત માટે અરજી કરી શકશે. આવા પ્રસંગે દિવ્યાંગ ઉમેદવારને સામાન્ય વહીવટ વિભાગના તા. ૦૧/૧૨/૨૦૦૮ ના પરિપત્ર ક્રમાંક:પરચ/૧૦૨૦૦૮/૪૬૯૫૪૦/ગ.૨ થી નિયત થયેલ સુપરિટેન્ડન્ટ/ સિવિલ સર્જનના તબીબી પ્રમાણપત્રને આધીન રહીને ઉપલી વય મર્યાદામાં ૧૦ વર્ષની છૂટછાટ મળશે(મહત્તમ ૪૫ વર્ષની મર્યાદામાં). દિવ્યાંગ ઉમેદવારોએ Online ફોર્મમાં Personal Detailsમાં પોતાની દિવ્યાંગતાની ટકાવારી અને વિગત દર્શાવવાની રહેશે.

(૩) દિવ્યાંગ ઉમેદવારો માટે સામાન્ય વહીવટ વિભાગના તા. ૨૯/૦૨/૨૦૨૪ ના પરિપત્ર ક્રમાંક:**GAD/PHA/e-file/1/2023/8017/G2** માં નિયત થયા મુજબ **The Rights of Persons With Disabilities Act,2016** અમલી થતા બદલાતા સંજોગોમાં સામાન્ય વહીવટ વિભાગના તા. ૦૧/૧૨/૨૦૦૮ ના બદલે દિવ્યાંગતના પ્રમાણપત્ર સંબંધે ભારત સરકારની વખતોવખતની સૂચના/જોગવાઈ તેમજ આરોગ્ય અને પરિવાર કલ્યાણ, ગુજરાત સરકાર /સામાજિક ન્યાય અને

અધિકારિતા વિભાગ, ગુજરત સરકાર દ્વારા નિયત કરવામાં આવતી સૂચના અનુસાર દિવ્યાંગતા અંગેનું પ્રમાણપત્ર માન્ય રાખવામાં આવશે.

## કમ્પ્યુટરની જાણકારી :-

ઉમેદવાર રાજ્ય સરકારના સામાન્ય વહીવટ વિભાગના તા.13/08/2008 તેમજ તા.18/03/2016 ના ઠરાવ ક્રમાંક: સીઆરઆર /૧૦ /૨૦૦૭ /૧૨૦૩૨૦/ગ.પ થી નક્કી કરેલા અભ્યાસક્રમ મુજબ કમ્પ્યુટર અંગેનું બેઝિક નોલેજ ધરાવતા હોવા અંગેનું, કોઈપણ તાલીમી સંસ્થાનું પ્રમાણપત્ર /માર્કશીટ ધરાવતા હોવા જોઈશે અથવા સરકાર માન્ય યુનિવર્સિટી અથવા સંસ્થામાં કમ્પ્યુટર જ્ઞાન અંગેના કોઈપણ ડિપ્લોમા/ડિગ્રી કે સર્ટિફિકેટ કોર્સ કરેલા હોય તેવા પ્રમાણપત્ર અથવા ડિગ્રી કે ડિપ્લોમા અભ્યાસક્રમમાં કમ્પ્યુટર એક વિષય તરીકે હોય તેવા પ્રમાણપત્રો અથવા ધોરણ ૧૦ અથવા ધોરણ ૧૨ ની પરીક્ષા કમ્પ્યુટરના વિષય સાથે પાસ કરેલી હોય તેવા પ્રમાણપત્રો ધરાવતા હોવા જોઈશે. જો કે , આ તબક્કે આવું પ્રમાણપત્ર ન ધરાવતા ઉમેદવારો પણ અરજી કરી શકશે. પરંતુ, આવા ઉમેદવારોએ નિમણૂક સત્તાધિકારી સમક્ષ કમ્પ્યુટરની બેઝિક નોલેજની પરીક્ષા પાસ કર્યાનું આવું પ્રમાણપત્ર નિમણૂક મેળવતા પહેલા અચૂક રજૂ કરવાનું રહેશે, અન્યથા નિમણૂક મેળવવાને પાત્ર થશે નહીં તેમજ નિમણૂક સત્તાધિકારી આવા કિસ્સામાં ઉમેદવારોની પસંદગી “રદ” કરશે.

## અરજી કરવાની રીત :-

ઉમેદવારોએ જાહેરાત પ્રસિદ્ધ થયાના દિન – 07 સુધીમાં કોલેજની વેબસાઈટ https://bpbsinavsari.ac.in ના Recruitment મેનૂમાં જઈ Application ની નિયત pdf ફાઇલ ડાઉનલોડ કરી તે ફાઇલની પ્રિન્ટ કાઢી તેમાં બધી માહિતી ભરવી અને ગૂગલ ફોર્મની લિંક પણ ફરજીયાત ભરવાની રહશે. ભરેલ pdf સાથે યોગ્યતાના આધારોની સ્વયંપ્રમાણિત નકલો સાથે ટ્રસ્ટનાં નીચે આપેલ સરનામે ફક્ત રજીસ્ટર પોસ્ટ એ.ડી. દ્વારા મોકલવાની રહેશે.

### ઉમેદવારે અરજી પત્રક ભરવા માટે

સૌ પ્રથમ https://bpbsinavsari.ac.in વેબસાઇટ પર જવું અને ગૂગલ ફોર્મ ફરજિયાત ભરવું.

### લેબોરેટરી આસીસ્ટન્ટ (કેમિસ્ટ્રી) ની જગ્યા માટેના અભ્યાસક્રમ અને પરીક્ષા પધ્ધતિ

1) સામાન્ય વહીવટ વિભાગના તા.૦૮/૧૧/૨૦૨૩ ના ઠરાવ ક્રમાંક: ભરત/૧૦૨૦૨૩/૬૩૮૯૩૭ /ક થી ભરતીથી જગ્યાઓ ભરવા માટે ઠરાવેલી પરીક્ષા પદ્ધતિ અનુસાર, પરીક્ષા એક તબ્બકામાં હેતુલક્ષી MCQ(Multiple Choice Question) પ્રકારના પ્રશ્નોવાળી CBERT/OMR(Computer Based Response Test / Optical Mark Recognisation) પદ્ધતિની સ્પર્ધાત્મક પરીક્ષા લેવામાં આવશે. aઆ પરીક્ષા: Part-A અને Part-B એમ બે ભાગમાં લેવામાં આવશે. (પ્રશ્નપત્રનું લેવલ શૈક્ષણિક લાયકાતને સમકક્ષ રહેશે.)

## Part - A

| ક્રમ | વિષય | ગુણ |
|---|---|---|
| ૧ | તાર્કિક કસોટીઓ તથા Data Interpretation | ૩૦ |
| ૨ | ગાણિતિક કસોટીઓ | ૩૦ |
| | કુલ ગુણ | ૬૦ |

## Part - B

| ક્રમ | વિષય | ગુણ |
|---|---|---|
| ૧ | ભારતનું બંધારણ, વર્તમાન પ્રવાહો, ગુજરાતી અને અંગ્રેજી કોમ્પ્રિહેન્શન | ૩૦ |
| ૨ | રસાયણશાસ્ત્ર અને તેની ઉપયોગિતાને લગતા પ્રશ્નો | ૧૨૦ |
| | કુલ ગુણ | **૧૫૦** |

નોંધ : અભ્યાસક્રમની વિષયવસ્તુ નિયત કરેલી શૈક્ષણિક લાયકાત મુજબ રહેશે.

2) **Part- A** માં કુલ ૬૦ પ્રશ્નો અને **Part- B** માં કુલ ૧૫૦ પ્રશ્નો એમ કુલ ૨૧૦ પ્રશ્નો પૂછવામાં આવશે.

3) **Part- A** અને **Part- B** બંને માટે સંયુક્ત રીતે કુલ ૩ કલાક (૧૮૦ મિનિટ) નો સમય મળવાપાત્ર થશે.

4) **M.C.Q.** પદ્ધતિમાં ખોટા જવાબ આપવાના સંજોગમાં પ્રશ્નને ફાળવેલ માર્કના ૧/૪ માર્ક ઉમેદવારે મેળવેલ ગુણમાંથી ઓછા કરવામાં આવશે એટલે કે નેગેટિવ માર્કિંગ પદ્ધતિ અપનાવવામાં આવશે.

5) પરીક્ષા પૂર્ણ થયેથી મંડળ દ્વારા પ્રોવિઝનલ આન્સર કી પ્રસિદ્ધ કરવામાં આવશે.પ્રોવિઝનલ આન્સર કી સંબંધે ઉમેદવાર દ્વારા મળેલ વાંધાસૂચનો ધ્યાને લઈ ફાઇનલ આન્સર કી પ્રસિદ્ધ કરવામાં આવશે.

6) ફાઇનલ આન્સર કી માં કોઈ કારણોસર પ્રશ્ન રદ કરવામાં આવે તો, તેવા સંજોગોમાં રદ થયેલ પ્રશ્નના ગુણની બાકી રહેલ પ્રશ્નના ગુણભારમાં પ્રો- રેટા(Pro- Rata) મુજબ ગણતરી કરવામાં આવશે.

7) ઉમેદવાર પ્રશ્નનો સાચો જવાબ આપશે તો તે પ્રશ્નને પ્રો- રેટા અનુસાર ફાળવેલ ગુણભાર મુજબ ગુણ આપવામાં આવશે, ખોટા જવાબ આપવાના સંજોગોમાં પ્રશ્નને પ્રો- રેટા મુજબ જે ગુણભાર આપવામાં આવેલ હોય તેના ૧/૪ માર્ક ઉમેદવારે મેળવેલા ગુણમાંથી ઓછા કરવામાં આવશે.

## દિવ્યાંગ ઉમેદવારોને લહિયા(Scribe) / વળતર સમય(Compensatory Time) ની સુવિધા આપવા બાબત:-

ભારત સરકારના Ministry of Social Justice & Empowerment ના Department of Empowerment of persons with Disabilities(Divyangjan) ના તા.૨૯/૦૮/૨૦૧૮ ના Office Memorandum ક્રમાંક: F.No.34-02/2015-DD-III મુજબ The Rights of Persons with Disabilities Act, 2016 ની કલમ -૨ (r) હેઠળ વ્યાખ્યાયિત કરાયેલ Persons with Benchmark Disability અને લેખન ક્ષમતાની મર્યાદા ધરાવનાર ઉમેદવારને જો તેઓ ઇચ્છતા હોય તો, જે તે શરતોને આધીન લહીયા/વળતર સામેની સુવિધા આપવામાં આવશે.

(૧) જાહેરાતની જોગવાઈ મુજબ જાહેરાતમાં અરજી કરવાને પત્ર ગણેલ હોય તેવા Benchmark Disability ધરાવતા અથવા આકસ્મિક પરિસ્થિતિઓના કારણે હંગામી દિવ્યાંગત ધરાવતા હોય તેવા લખવા માટે અક્ષમ / લખવામાં તકલીફ હોય તેવા દિવ્યાંગ ઉમેદવારોને તેઓની રજુઆત પરત્વે લહીયા/વળતર સામેની સુવિધા આપવામાં આવશે.

(૨) સંબંધિત જાહેરાતની જોગવાઈ મુજબ જાહેરાતમાં અરજી કરવાને પાત્ર ગણેલ હોય તેવા Blindness, Locomotor disability(Both arm affected-BA) Benchmark disability (૪૦% થી ઓછી ન હોય ત્યાં સુધીની દિવ્યાંગતા) ધરાવતા, લખવા માટે અસમર્થ હોય તેવા ઉમેદવારોએ દિવ્યાંગતા પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે પરંતુ લખવા માટે અસમર્થ હોવા અંગેનું તબીબી પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે નહીં.

(3) ઉપરોક્ત ૨૩(૩) માં દર્શાવેલ Benchmark Disability **સિવાયની અન્ય** Benchmark Disability ધરાવતા/આકસ્મિક પરિસ્થિતિઓના કારણે હંગામી દિવ્યાંગતા ધરાવતા હોય તેવા લખવા માટે અક્ષમ/લખવામાં તકલીફ હોય તેવા ઉમેદવારોએ લહીયા/વળતર સામેની સુવિધા મેળવવા માટે દિવ્યાંગત પ્રમાણપત્ર ઉપરાંત Appendix-I (Certificate regarding physical limitation in an examinee to write) મુજબનું ઉમેદવારને લખવામાં તકલીફ હોવા અંગેનું મુખ્ય તબીબી અધિકારી/સિવિલ સર્જન/મેડિકલ સુપરિટેન્ડેન્ટ દ્વારા આપવામાં આવતું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.

(૪) **વળતર સમય** (Compensatory Time) : ઉપરોક્ત ૨૩ (૧)માં વ્યાખ્યાયિત કર્યા મુજબના બેન્ચમાર્ક ડીસએબીલીટી ધરાવતા અને લેખનક્ષમતાની મર્યાદા ધરાવનાર ઉમેદવારને પરીક્ષામાં પ્રતિ કલાક માટે ૨૦ મિનિટ 'વળતર સમય' મળવાપાત્ર છે.

(૫) ઉમેદવાર દ્વારા લહીયા/વળતર સામેની સુવિધા માટે કરવામાં આવેલ અરજીની ચકાસણી બાદ મંડળ દ્વારા લહીયા/વળતર સમયની સુવિધા આપવા અંગે નિર્ણય કરવામાં આવશે. મંડળ દ્વારા કરવામાં આવેલ નિર્ણયની જાણ ઉમેદવારને તેઓના ઈમેલ ઉપર કરવામાં આવશે તથા જે તે પરીક્ષા કેન્દ્ર સંચાલકને પણ જાણ કરવામાં આવશે.

(૬) ઉમેદવારે સ્પર્ધાત્મક પરીક્ષાના દિવસે જરૂરી પ્રમાણપત્રો અસલમાં તથા મંડળ દ્વારા આપવામાં આવેલ મંજૂરીનો પત્ર ખરાઈ અર્થે પરીક્ષા કેન્દ્ર સંચાલક અથવા મંડળ દ્વારા નિયુક્ત કરવામાં આવેલ અધિકારી/કર્મચારીને રજૂ કરવાના રહેશે.

(૭) મંડળ દ્વારા લહીયા/વળતર સામેની સુવિધા માટે આપવામાં આવેલ મંજૂરી સ્પર્ધાત્મક પરીક્ષાના દિવસે ઉમમેદવાર દ્વારા રજૂ કરેલ અસલ પ્રમાણપત્રોની પરીક્ષા કેન્દ્ર સંચાલક અથવા મંડળ દ્વારા નિયુક્ત કરવામાં આવેલ અધિકારી/કર્મચારી દ્વારા કરવામાં આવનાર ખરાઈને આધીન રહેશે.

## પરિણામની પ્રસિદ્ધિ :-

(૧) સામાન્ય વહીવટ વિભાગના તા.૦૮/૧૧/૨૦૨૩ ના ઠરાવ અનુસાર **Part-A** અને **Part-B** નું સ્વતંત્ર(અલાયદું) ન્યુનતમ ગુણવત્તા ધોરણ **(Qualifying Standard)** રહેશે.

(૨) સામાન્ય વહીવટ વિભાગના તા. ૦૮/૧૧/૨૦૨૩ ના ઠરાવ તથા પત્રની જોગવાઇઓ અનુસાર સ્પર્ધાત્મક પરીક્ષાના **Part-A** માટે લઘુત્તમ ગુણવત્તા ધોરણ ૪૦% અને **Part-B** માટે લઘુત્તમ ગુણવત્તા ધોરણ ૪૦% રાખવામાં આવેલ છે. તેમાં તમામ કેટેગરીના ઉમેદવારો માટે ૪૦ ટકા માર્કસ કરતાં ઓછું લઘુત્તમ ગુણવત્તા ધોરણ કોઈપણ સંજોગોમાં રહેશે નહીં.

(૩) ત્યારબાદ પરીક્ષામાં હાજર રહેલા તમામ ઉમેદવારોનું પ્રોવિઝનલ પરિણામ મંડળની વેબસાઇટ પર પ્રસિદ્ધ કરવામાં આવશે.

## નિમણૂક:-

(૧) આ જાહેરાત સંબંધમાં પસંદ થયેલા ઉમેદવારોની નિમણૂક માટે સરકારશ્રીના સંબંધિત વિભાગને મંડળ દ્વારા ભલામણ કરવામાં આવશે.

(૨) ઉમેદવારોને નિમણૂક માટે **Merit Number** ને ધ્યાનમાં રાખી વિચારણા કરવામાં આવશે. મંડળ દ્વારા લેવાનાર સ્પર્ધાત્મક લેખિત કસોટીમાં ઉતીર્ણ થવાની જ ઉમેદવારને નિમણૂક માટેનો હક્ક મળી જતો નથી. નિમણૂક સમયે નિમણૂક સત્તાધિકારીને ઉમેદવાર બધી જ રીતે યોગ્ય છે તેમ સંતોષ થાય તો જ ઉમેદવારને નિમણૂક આપવામાં આવશે.

(૩) પસંદગી પામેલા ઉમેદવાર, નિમણૂક સત્તાધિકારી ઠરાવે તે શરતોને આધીન નિમણૂક મેળવવાને પાત્ર થશે.

(૪) નિમણૂક પામેલા ઉમેદવારે સરકારના નિયમો મુજબની તાલીમ લેવી પડશે અને તાલીમ પરીક્ષા પાસ કરવાની રહેશે.

(૫) નિમણૂક અંગેની સઘળી કાર્યવાહી સરકારશ્રી દ્વારા કરવામાં આવતી હોય, આ અંગેનો કોઈ પત્રવ્યવહાર મંડળ દ્વારા ધ્યાને લેવામાં આવશે નહીં.

## અગત્યની સૂચનાઓ:-

(૧) ઉમેદવારે અરજીપત્રકમાં બતાવેલી કોઈપણ વિગત અને અસલ પ્રમાણપત્રોની ચકાસણી સમયે રજૂ કરેલી જન્મતારીખ, શૈક્ષણિક લાયકાત,વય,જાતિ,અનુભવ વગેરેને લગતા

પ્રમાણપત્રો ભવિષ્યમાં જે તે તબક્કે ચકાસણી દરમ્યાન ખોટા માલૂમ પડશે તો તેની સામે યોગ્ય કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. આવા ઉમેદવારની ઉમેદવારી મંડળ દ્વારા 'રદ' કરી શકશે તેમજ અન્ય સંવર્ગોની ભરતી માટે પણ ગેરલાયક ઠરાવવામાં આવશે. તેમજ જો પસંદગી /નિમણૂક , મંડળ/નિમણૂક કરનાર સત્તાધિકારી દ્વારા કોઈપણ તબક્કે 'રદ' કરવામાં આવશે.

(૨) ઉમેદવાર પોતે પરીક્ષામાં સફળ થયો હોવાના કારણે જ સંબંધિત જગ્યા ઉપર નિમણૂક કરવાનો દાવો કરવાને હક્કદાર થશે નહીં, નિમણૂક કરનાર સત્તાધિકારીને પોતાને એવી ખાતરી થાય કે જાહેર સેવા સારુ ઉમેદવાર યોગ્ય જણાતો નથી, તો તેને પડતો મૂકી શકશે.નિમણૂક બાબતે તેઓનો નિર્ણય આખરી ગણાશે.

(૩) ભરતી પ્રક્રિયા સંપૂર્ણપણે ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો-૧૯૬૭ (વખતો વખતના સુધારા સહિત) અને તે અન્વયે જે તે સંવર્ગના ઘડવામાં આવેલા ભરતી નિયમોને આધીન રહેશે.

(૪) ગુજરાત સરકાર દ્વારા જાહેર પરીક્ષામાં થતી ગેરરીતિ તથા પ્રશ્નપત્રો લીક થવા બાબતનો Gujarat Public Examination (Prevention of Unfair Means) Act,2023 અધિનિયમ, માર્ચ ૨૦૨૩ થી અમલી કર્યો છે. સરકાર દ્વારા ઉક્ત અધિનિયમમાં 'Examination Authority' તરીકે ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળનો પણ સમાવેશ કર્યો છે. આથી, મંડળ દ્વારા આયોજીત તમામ સ્પર્ધાત્મક લેખિત પરિક્ષાઓને તરીકે ગળવાની થતી હોવાથી, સદર અધિનિયમ મંડળની પરિક્ષાઓમાં પણ લાગુ પડે છે. આથી, ઉક્ત તમામ જાહેરાતોની સ્પર્ધાત્મક લિખિત પરીક્ષામાં જો કોઈ પણ ઉમેદવાર Gujarat Public Examination(Prevention of Unfair Means) Act, 2023 ની જોગવાઈઓનો ભંગ કરતો જણાઈ આવશે અને તેમાં કસૂરવાર સાબિત થશે તો તેની સામે સદર અધિનિયમમાં દર્શાવ્યા મુજબ, કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

(૫) આ જાહેરાત તથા ભરતી પ્રક્રિયામાં કોઈપણ કારણોસર ફેરફાર કરવાની કે રદ કરવાની આવશ્યકતા ઊભી થાય તો તેમ કરવાનો મંડળને સંપૂર્ણ હક્ક/અધિકાર રહેશે અને મંડળ આ માટે કારણો આપવા બંધાયેલું રહેશે નહીં.

## સામાન્ય સૂચનાઓ:-

(1) અરજી કરતાં પહેલા વિગતવાર સૂચનાઓ, શરતો અને નિયમો તથા આ સમગ્ર જાહેરાત અરજી કરતાં ઉમેદવારે પોતે ધ્યાનથી કાળજીપૂર્વક વાંચવી જરૂરી છે.

(2) પરીક્ષા પધ્ધતિ-પસંદગીની પ્રક્રિયામાં MCQ પ્રકારના પ્રશ્નનોવાળી સ્પર્ધાત્મક લેખિત પરીક્ષા ઉમેદવારે આપવાની રહેશે. જે સંબંધિત ઉમેદવારોએ ધ્યાને લેવી. ઉમેદવારોની પરીક્ષા સંદર્ભે સૂચનાઓ વેબસાઇટ ઉપર આપવામાં આવશે.

(3) ઉમેદવાર ગુજરાતી અથવા હિન્દી અથવા બંને ભાષાઓનું જ્ઞાન ધરાવતો હોવો જોઈએ.

(4) અધૂરી વિગત વાળી કે આધારો વગરની અરજીઓ તેમજ સમય મર્યાદા તા. 19-03-2026 બાદ આવેલ અરજીઓ આપોઆપ રદ ગણાશે.

(5) સદર ભરતી પ્રક્રિયા રાજ્ય સરકારશ્રી, ગુજરાત ગૌણ સેવ પસંદગી મંડળ, સામાન્ય વહીવટ વિભાગ તથા નાણાં વિભાગના ભરતીના નિયમો અને લેકટના ધોરણો મુજબ કરવામાં આવશે.

(6) ઉમેદવારે જે જગ્યા પર અરજી કરેલ હોય, તે જગ્યા નું નામ કવર ઉપર સ્પષ્ટ લખવાનું રહેશે.

(7) અરજી કરતી વખતે પ્રમાણપત્રો માંની વિગતોને આધારે નિયત અરજી ફોર્મમાં અરજદારે સમગ્ર વિગતો ભરવાની રહે છે. આથી પોતાના બધા જ પ્રમાણપત્રો જેવા કે, શૈક્ષણિક લાયકાત, વય, શાળા છોડયાનું પ્રમાણપત્ર અન્ય લાયકાતના અસલ પ્રમાણપત્રો ને સાથે રાખીને નિયત અરજી ફોર્મમાં પ્રમાણપત્રોને આધારે સાચી વિગતો ભરવાની રહે છે. અરજીમાંની ખોટી, અધૂરી કે અસ્પષ્ટ વિગતોના કારણે અરજી રદ થવાપાત્ર રહેશે. આથી ઉમેદવારે નિયત અરજીફોર્મ કાળજી પૂર્વક ભરવાનું રહે છે.

(8) NOC મુજબની સંબંધિત જગ્યા સીધી ભરતીથી ભરવાની હોય શારીરિક યોગ્યતા, ચારિત્ર્ય સંબંધિત તપાસ, નાગરિક સંબંધિત શરતો, અજમાયશી ગાળા અંગેની શરત, નિયોક્તાની પૂર્વ સંમતિ, નિમણૂક બાદ ખાતાકીય પરીક્ષા વગેરે સબંધે સંસ્થા/યુનિવર્સિટી/રાજ્ય સરકારમાં જોગવાઈ કરવામાં આવેલ ન હોય તો, ગુજરાત મુલ્કી સેવ વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો-૧૯૬૬ના ભાગ-૩ અને ભાગ-૪ માં દર્શાવ્યા યથાયોગ્ય રીતે લાગુ કરવાના રહેશે.

(9) પસંદગી પામેલ ઉમેદવાર નિમણુંક સત્તાધિકારી ઠરાવે તે તમામ શરતોને આધીન નિમણુંક મેળવવાને પાત્ર થશે.

(10) આ જાહેરાત અન્વયે અર્થઘટન બાબતે જે તે સંવર્ગના ભરતી નિયમો અને પરીક્ષા નિયમો આખરી રહેશે.

(11) ગુજરાતી સરકારશ્રી તથા સંસ્થા દ્વારા વખતો વખતના કામગીરી સંબંધિત નિયમો નિમણૂંક પામનાર ઉમેદવારને બંધનકર્તા રહેશે અને પાલન કરવાનું રહેશે.

(12) સંસ્થા દ્વારા જે કોઈ કામગીરી સોંપવામાં આવે તે કરવાની રહેશે.

(13) આ જાહેરાત તથા ભરતી પ્રક્રિયામાં કોઈપણ કારણોસર તેમાં ફેરફાર કરવાની કે રદ કરવાની આવશ્યકતા ઉભી થાય તો તેમ કરવાનો સંચાલક મંડળને સંપૂર્ણ હક્ક/અધિકાર રહેશે અને સંચાલક મંડળ આ માટે કારણો આપવા બંધાયેલ રહેશે નહીં.

(14) પાંચ વર્ષની માસિક ઉચ્ચક પગારની નોકરી પૂર્ણ થયે તેમની કામગીરી સમીક્ષા કર્યા પછી યોગ્ય જણાયેથી મંજૂર થયેલ પગાર ધોરણમાં લઘુત્તમ પગારમાં નિમણુંક આપવામાં આવશે. પરંતુ આવા ઉમેદવારે અગાઉ કરેલ પાંચ વર્ષની નોકરી સેવા વિષયક કોઈપણ હેતુ અર્થે ધ્યાને લેવામાં આવશે નહીં તેમજ મંજૂર પગાર ધોરણવાળી નોકરી સાથે જોડવામાં આવશે નહીં.

(15) સદર કોલેજમાં વિદ્યાર્થીઓની સંખ્યા ઘટે અથવા અન્ય કોઈ કારણસર કોલેજ બંધ થાય તો આ યોજના હેઠળ નિમણૂક પામેલ કર્મચારીઓને છૂટા કરવામાં આવશે અને તેમને ફાજલનું રક્ષણ મળી શકશે નહીં.

(16) આ જગ્યા હેઠળ નિમણૂંક પામનારને પાંચ વર્ષ દરમ્યાન વાર્ષિક ધોરણે ૧૨ પરચુરણ રજા, જાહેર રજા અને કોલેજના વેકેશન સિવાયની અન્ય કોઈપણ પ્રકારની રજા મળવાપાત્ર થશે નહીં. તે સિવાય કોઈપણ રજા ભોગવશે તો પગારની કપાત કરવામાં આવશે. મહિલા કર્મચારીઓના રજાના નિયમો મુજબ પ્રસૂતિ રજાઓ મળવાપાત્ર થશે.

(17) આ જગ્યા પર નિમણુંક પામનારે સરકારશ્રીના શિક્ષણ વિભાગના દ્વારા તા. ૨૧/૦૪/૧૯૯૪ ના ઠરાવથી કોલેજ વિદ્યાપીઠના કર્મચારીઓ માટે નિયત થયેલ આચારસંહિતા તમામ નિયમોનું સંપૂર્ણ પાલન કરવાનું બંધનકર્તા રહેશે જે અંગે ઉમેદવારે કોલેજને સંમતિપત્ર નિમણુંક સમયે આપવાનો રહેશે.

(18) દફહ સંદર્ભે અંતિમ નિર્ણય કરવાનો અધિકાર તથા દફહની શરતોમાં ફેરફાર કરવાનો હક્ક તથા પૂર્વ મંજૂરી સમયે ઉમેદવારના સંદર્ભે રાજ્ય સરકારના પ્રવર્તમાન નિયમો/ઠરાવોની જોગવાઈઓને આધિન શરતો નક્કી કરવાનો હક્ક ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીનો રહેશે.

(19) પાંચ વર્ષના સમયગાળા ઉચ્ચક વેતનથી નિમણુંક પામેલ કર્મચારીઓને સંસ્થાના મહેકમ ઉપર સમાવિષ્ટ માટેનો કોઈ હક્ક પ્રાપ્ત થશે નહીં તેમજ સરકારશ્રી તરફથી વહીવટી હિતમાં પણ કોઈ શરતો નક્કી થાય તો તે પણ બંધનકર્તા રહેશે.